ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમને વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબત પેટે રૂ.૨.૩૯ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૮/૪૧૨૮૦/અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ /03/૨૦૧૯
22 MAR 2019

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૩૨૦૧૮/૪૧૨૮૦/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ લધસ/૧૦૨૦03/૬૧૫(પા.ફા.)/અ.૧
(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૪/૧૨/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ લધસ/૧૦૨૦03/૬૧૫(પા.ફા.)/અ.૧
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ લધસ/૧૦૨૦03/૬૧૫/અ.૧ (પા.ફા.)
(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧૮/03/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯/૫૫૭

આ મુ ખ :

વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ વિભાગના તા.૨૩/૦૪/૨૦૧૮ ના ઠરાવથી ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ ખાતે સિનિયર કલાર્કની ૧ (એક) જગ્યાની રૂ.૨.૩૯ લાખની વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ માટે રૂ.૨૨૭.૩૯ લાખની વહીવટી ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે જેમાં રૂ.૨.૩૯ લાખની ઉકત નવી બાબતનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) સામે દર્શાવેલ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૮ ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ, વંચાણે લીધા ક્રમાંક (3) સામે દર્શાવેલ વિભાગના તા.૧૪/૧૨/૨૦૧૮ના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ, વંચાણે લીધા ક્રમાંક (૪) સામે દર્શાવેલ વિભાગના તા.૨૨/૦૨/૨૦૧૯ના ઠરાવથી ત્રીજા હપ્તા પેટે રૂ.૭૫.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ એમ કુલ.૨૨૫.૦૦ લાખની વહીવટી ગ્રાંટ નિગમના હસ્તક મૂકવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૫) પરના તા.૧૮/03/૨૦૧૯ના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ ગુજરાત અલ્પસંખ્યક

નાણા અને વિકાસ નિગમને વર્ષ ૨૦૧૮-૧૯ ની ફાળવવાની બાકી રહેતી રૂ.૨.૩૯ લાખની ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા મારફત નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરેલ, જે વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૧૮-૧૯ ની નવી બાબત પેટે ફાળવવાની થતી રૂ.૨.૩૯ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

૨. સને ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૪. આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૫. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ, પેટા સદર- ૦૧ એમએનટી-૯ ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૦/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એમ.ચૌધરી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(અ.૧/બજેટ શાખા/કમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.